**આંક :૧૧**

**ગોધરાની શ્રમ અદાલતના નં.ર ના પ્રમુખ અધિકારીશ્રી ડી. જે. વ્યાસ સાહેબ**

**રેફરન્સ (ટી) નં.રરર/ ર૦૦૭**

**પ્રથમ પક્ષકાર : –**૧. મેનેજરશ્રી,

ક્રિએટીવ પોલીમર્સ ઈન્ડસ્ટ્રીઝ

પ્લોટ નં– ૧૯૧૮, જી.આઈ.ડી.સી. હાલોલ,

જી.પંચમહાલ.

**– :: વિરુધ્ધ :: –**

**બીજા પક્ષકાર :–** શ્રી વખતસિંહ ઝવરભાઈ ચૌહાણ

મુ.ફતેપુરી, પો. મઘાસર, તા.હાલોલ,જી.પંચમહાલ.

C/O પંચમહાલ કામદાર યુનિયન ગોધરા

જી.પંચમહાલ.

**વિષય :– ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય કરવા બાબત...**

**પ્રતિનિધિત્વ :–**

પ્રથમ પક્ષકાર તરફે : ગેરહાજર

બીજા પક્ષકાર તરફે : પ્રતિનિધિશ્રી યુ.આર.પરીખ

**– :: એવોર્ડ ::–**

**(૧)** મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરાએ તા.ર૯/૧૦/ર૦૦૭ થી શ્રમ અદાલત, ગોધરાને તેમના હુકમ નંબર–કે.એચ./ એસ.એચ.એમ.સી./એ./૭૩૮૬ થી અત્રેની મજુર અદાલત, ગોધરાને ન્યાયનિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુસુચી નીચે મુજબ છે.

**– :: અનુસુચિ :: –**

શ્રી **વખતસિંહ ઝવરભાઈ ચૌહાણને** તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

**(ર)** હાલના બીજા પક્ષકારે **આંક–પ** થી તેમની માંગણીનુ નિવેદન રજુ કરેલ છે. બીજા પક્ષકારે તેમની માંગણીના નિવેદનમાં જણાવેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં

તા.૧/૭/૧૯૯૬ ના રોજથી પ્લાન્ટ ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતા અને તેમનો દૈનિક રૂા.૧૫૫/– પગાર ચુકવતા હતા. બીજા પક્ષકાર પાસેથી પ્રથમ પક્ષકાર સતત આઠ કલાક ઉપરાંતની કામગીરી કરાવતા હતા. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં હાજર થયા તે સમયે પ્રથમ પક્ષકારે કોઈ નિમણુંક પત્ર, ઓળખપત્ર, પગારચિઠ્ઠી વગેરે કાયદાકીય રીતે આપવા જોઈતા હતા, તે આપેલ નથી અને તમામ કાયદાકીય બાબતની દષ્ટ્રિએ બીજા પક્ષકારને તેમની પાસેથી મળવાપાત્ર કાયદેસરનાં લાભોથી વંચિત રાખેલ અને તે અંગેની માંગણી બીજા પક્ષકારે જે તે સમયે અને છેલ્લા સમય સુધી સદર માંગણીઓ ચાલુ રાખેલ છે. બીજા પક્ષકારને પગાર પેટે ચુકવવાપાત્ર થતો પગાર મસ્ટર/વાઉચર ઉપર ચુકવતાં હતા અને તે મસ્ટર /વાઉચર ઉપર પગાર ચુકવવા બાબતે બીજા પક્ષકારે સખત વિરોધ કરેલ. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં હાજર થયા ત્યારથી સળંગ અતુટ અને બ્રેક સિવાયની નોકરી કરી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતાં વધુ સમયની નોકરી કરી આઈ.ડી.એકટની કલમ–૨૫(બી) મુજબ નોકરીની સળંગતા જાળવી રાખી કાયમી કામદાર તરીકેના હકકો પ્રથમ પક્ષકારની સંસ્થામાં પ્રસ્થાપિત કરેલા છે. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારને ત્યાં નોકરીના સમયગાળા દરમ્યાન કાયમી કરવાની માંગણી કરવાથી તેઓને કોઈ પણ જાતના વાંક ગુના વગર મૌખિક હુકમથી તા.૭/૮/૦૭ ના રોજથી નોકરીમાંથી છુટા કરી બેકાર બનાવી દીધેલ. વધુમાં બીજા પક્ષકારને નોકરીના સમયગાળા દરમ્યાન પ્રથમ પક્ષકાર તરફથી કોઈ પણ નોટીસ, નોટીસ પગાર, છટણી વળતર, સસ્પેન્શન એલાઉન્સ, બચાવની તક કે અન્ય કોઈ કાયદાકીય કાયદેસરના હકક હિસ્સા ચુકવ્યા સિવાય આઈ.ડી.એકટની કલમ–૨૫ (એચ) અને ૨૫(એફ) નો ભંગ કરી નોકરીમાંથી છુટા કરી દીધેલ. બીજા પક્ષકારને નોકરીના સમયગાળા દરમ્યાન પ્રથમ પક્ષકાર તરફથી તેઓની વર્તણુંક બાબતે કોઈ મેમો કે ઈન્કવાયરી કરેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા હાલમાં પણ ચાલુ છે અને અવાર–નવાર ભરતી પણ કરે છે. પ્રથમ પક્ષકાર સંસ્થા આજે પણ નોકરીમાં રાખે તો જવા તૈયાર છે. વધુમાં બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા પછી સદરહુ વિવાદ માટે મજુર કમિશ્નરશ્રી ગોધરામાં ફરીયાદ કરેલ પરંતુ તેમાં પણ કોઈ સમાધાન ન થતા આ વિવાદ નામદાર મજુર અદાલત, ગોધરા સમક્ષ રેફરન્સ ચલાવવાની ફરજ પડેલ. વધુમાં બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ બીજી ઘણી જગ્યાએ નોકરી મેળવવા માટે પ્રયત્ન કરવા છતાં બીજી નોકરી મળેલ નથી તેમજ બીજા પક્ષકારનું તથા

તેમના કુટુંબનું ભરણપોષણ માટેનું સાધન ફકત નોકરી જ છે. બીજા પક્ષકારને છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર ઠરાવી, તેમજ કાયદા હેઠળના તમામ લાભો સાથે સળંગ નોકરીથી પુનઃ સ્થાપીત કરવા અરજ કરેલ છે.

(૩) હાલના કામે મદદનીશ શ્રમ આયુકતશ્રી ગોધરા ધ્વારા ઉપરોકત જણાવેલ વિગતે રેફરન્સ થયા બાદ બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકારોને નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ. પ્રથમ પક્ષકારને નોટીસ બજયા અંગેની એકનોલેજમેન્ટ આંક–૩ થી રજુ છે. ત્યારબાદ આંક–૭ ની અરજી હેઠળના હુકમ મુજબ પ્રથમ પક્ષકારના જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૮ થી બીજા પક્ષકાર ધ્વારા પુરાવાનું સોગંદનામુ રજુ કરાયેલ છે. ત્યારબાદ હાલનું કામ બીજા પક્ષકારની ઉલટ તપાસ પર રાખવામાં આવેલ. હાલનું કામ તા.૧૩/૩/૦૯ થી બીજા પક્ષકારની ઉલટ તપાસ માટે છે. હાલના કામે તા.૧૩/૩/૦૯ થી તા.૬/૨/૧૭ સુધી આશરે આઠ વર્ષ જેટલા સમયગાળા સુધી બીજા પક્ષકાર જાતે કોર્ટ સમક્ષ ઉલટ તપાસ કરાવવા માટે હાજર રહેલ નથી. આમ, બીજા પક્ષકાર આઠ વર્ષ જેટલા સમયગાળાથી ઉલટ તપાસ માટે હાજર રહેલ ન હોઈ, હાલનું કામ બીજા પક્ષકારની ગેરહાજરીના કારણે ઉલટ તપાસ પર મુલત્વી રહેલ. ત્યારબાદ હાલના કામે પ્રથમ પક્ષકારને નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ આંક–૧૦ થી વગર બજયે પરત આવેલ. ત્યારબાદ હાલનું કામ બીજા પક્ષકારની ઉલટ તપાસ માટે અને પ્રથમ પક્ષકારનું નવુ સરનામુ રજુ કરવા માટે મુલત્વી રહેલ. ત્યારબાદ પણ છેલ્લા બે વર્ષથી બીજા પક્ષકારને તક આપવા છતા જાતે હાજર રહેલ નથી કે કાર્યવાહી આગળ ચલાવવા પ્રયત્ન કરેલ નથી. આમ, બીજા પક્ષકારની સતત ગેરહાજરીના કારણે હાલનું કામ છેલ્લા ૧૦ વર્ષથી બીજા પક્ષકારની ઉલટ તપાસ પર રહેલ છે. બીજા પક્ષકાર છેલ્લા ૧૦ વર્ષથી હાજર રહી ઉલટ તપાસ કરાવવા કે પ્રથમ પક્ષકારનો ઉલટ તપાસનો હકક બંધ કરાવવા કોઈ પ્રયત્ન કરેલ નથી. આમ, બીજા પક્ષકારના કસૂરના કારણે હાલનું કામ છેલ્લા ૧૦ વર્ષથી ઉલટ તપાસ પર પેન્ડીંગ હોઈ, આવા ઉલટ તપાસ વિનાના પુરાવા સોગંદનામાને સંપુર્ણ જુબાની ગણી શકાય તેમ ન હોઈ, તેમજ પુરાવાના કાયદા મુજબ વંચાણે લઈ શકાય તેમ ન હોઈ, બીજા પક્ષકારની ગેરહાજરીના કારણે સદરહુ પુરાવા સોગંદનામુ આંક–૮ વાળુ આંક–૮ હેઠળના હુકમ મુજબ ડીસ્કાર્ડ કરાયેલ છે. બીજા પક્ષકારને અનેક તકો આપવા છતા બીજા પક્ષકાર છેલ્લી ઘણી મુદત થી હાજર રહી કાર્યવાહી આગળ ચલાવવા પ્રયત્ન કરેલ નથી. બીજા પક્ષકારને પુરતી

તકો આપવા છતા, બીજા પક્ષકારે હાજર રહી કાર્યવાહી આગળ ચલાવેલ નથી કે પ્રથમ પક્ષકારનું નવુ સરનામુ રજુ કરેલ નથી.

(૪) આ કામે અગાઉ જણાવ્યા મુજબ બીજા પક્ષકારને છેલ્લા ૧૦ વર્ષથી તકો આપવા છતા જાતે હાજર રહી કાર્યવાહી આગળ ચલાવવા પ્રયત્ન કરેલ નથી. બીજા પક્ષકાર ધ્વારા પુરાવા સોગંદનામુ રજુ કરાયા બાદ ઉલટ તપાસ માટે જાતે હાજર રહેલ નથી તેમજ માંગણાના નિવેદનને સાબીત કરતા પુરતા પુરાવા રજુ કરેલ નથી. તે સંજોગોમાં બીજા પક્ષકાર તરફે પુરતા પુરાવા અભાવે તથા બીજા પક્ષકારની સતત જાત ગેરહાજરીને કારણે હાલનો કેસ બાર વર્ષ કરતા વધુ સમયથી પેન્ડીંગ હોઈ, હાલના કેસની કાર્યવાહી આગળ ચલાવવી નિરર્થક જણાય છે. આ કામ ઘણા સમયથી પેન્ડીંગ હોવા છતાં બીજા પક્ષકાર છેલ્લા ઘણાં સમયથી હાજર રહેતા નથી કે કામ આગળ ચલાવવા પ્રયત્ન કરતા નથી કે પ્રથમ પક્ષકારનું નવુ સરનામું રજુ કરતા નથી કે પોતાનો કેસ પુરવાર કરવા આજ દિન સુધી કોઈ પુરાવો રજુ કરેલ નથી કે રજુ કરવા પ્રયત્ન કરેલ નથી. તે સંજોગોમાં બીજા પક્ષકાર હાલનું કામ આગળ ચલાવવામાં રસ ધરાવતા હોય તેવુ જણાતુ નથી. એટલુ જ નહી મદદનીશ મજુર કમિશનર સમક્ષનાં મજુર કમીશનરશ્રી ધ્વારા હાલના કેસમાં મોકલાવેલ પેપર્સ જોતાં ત્યાં પણ બીજા પક્ષકારે તેમના કેસના સમર્થનમાં તેમના માંગણા નિવેદનને પુરવાર કરતા હોય તેવા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોય તેમ જણાતું નથી. તે સંજોગોમાં ઉપરોકત ચર્ચાના આધારે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) હાલના બીજા પક્ષકારનો રેફરન્સ ગેરહાજરીના કારણે તથા પુરાવાના અભાવે તથા પ્રથમ પક્ષકારના નવા સરનામાના અભાવે રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તા.૨૨/૦૮/૨૦૧૯**
**ગોધરા.**

**( ધનંજય જગદીશચંદ્ર વ્યાસ)**
***કોડનં.GJ01263***
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં.૨ ગોધરા.**